

## શ્રીમતી અંજલીબહેન રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીના ધર્મપત્નીએ બોર્ડરની મુલાકાત લીધી

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ તા. ૨૪ ડિસેમ્બર-૨૦૧૬ના રોજ ભારત-પાકિસ્તાન સીમાદર્શન કાર્યક્રમનો રોમાંચક પ્રારંભ કરાવ્યો હતો. તેથી હવે દર શનિવાર અને રવિવારે મોટી સંખ્યામાં નાગરિકો સૂઇગામ તાલુકાના નડાબેટ નજીક આવેલ ભારત-પાકિસ્તાન બોર્ડરને નિહાળવા આવે છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબહેન રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના ધર્મપત્નીએ પણ નડાબેટ બોર્ડરની મુલાકાત લઇ બી.એસ.એફ. દ્વારા યોજાતી રીટ્રીટ જોઇ આનંદ વ્યકત કર્યો હતો. તેમની સાથે મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી નિર્મલાબહેન વાઘવાણી, ઉચ્ચ અધિકારીઓ અંજુ શર્મા અને જયંતિ રવીએ પણ બોર્ડરની મુલાકાત લીધી હતી. રીટ્રીટ પ્રસંગે દેશભક્તિ ગીતો અને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો જોઇ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેમણે બી.એસ.એફ.ની સાઇકલ યાત્રાનું સ્વાગત પણ કર્યું હતું. આ પ્રસંગે કલેકટર જેનુ દેવન, પ્રાંત અધિકારીઆર.આઇ.શેખ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે અધ્યાપક સહાયકો રાજયપાલને આવેદનપત્ર આપશે

## ફિકસ પગારમાં વધારો, સેવાની શરતોમાં સુધારાનો તેમજ ફાજલ રક્ષણનો લાભ સહિતના મુદે રજુઆત કરશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજયની ગ્રાન્ટેડ કોલેજોમાં વર્ષ ૨૦૦૫ થી અધ્યાપક સહાયક ભરતી અંતર્ગત નિમણુંક પામેલા અધ્યાપક સહાયકોના વર્ષોથી પડતર પ્રશ્નોનો નિવેડો આજદિન સુધી આવ્યો નથી. જેમાં પગાર વધારો અને ફાજલ તરીકેનું રક્ષણ આપવું પ્રશ્ન મુખ્યત્વે છે. અધ્યાપક સહાયકો છેલ્લા ૧૮ માસથી આ અંદે રજુઆત કરે છે પરંતુ અત્યાર સુધીમાં કોઈપણ પ્રકારનો સકારાત્મક નિર્ણય તંત્ર કક્ષાએથી આવ્યો નથી.ત્યારે તા.૧૩ ફેબુઆરીને સોમવારના રોજ રાજયના રાજયપાલને બપોરે ૧.૩૦ કલાકે અધ્યાપક સહાયક મંડળના સભ્યો મળીને આવેદન પત્ર આપશે.

ગુજરાત રાજયમાં આવેલી ગ્રાન્ટેડ કોલેજોમાં વર્ષોથી સહાયક અધ્યાપક તરીકે ફરજ બજાવતા અધ્યાપકોનો પગાર વધારો કરવામાં આવ્યો નથી.તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની જેમ ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવે. ફિકસ પગારના કર્મચારીઓને પગારમાં વધારો અને સેવાની શરતોમાં જે સુધારો જાહેર કર્યો છે.તેમાં અધ્યાપક સહાયકોને વંચિત રાખવામાં આવ્યા છે. જેનો લાભ તાત્કાલીક અસરથી આપવામાં આવે તે સહિતના પડતર મુદે સહાયક મંડળના સભ્યો રાજયના રાજયપાલ ડો. ઓ.પી.કોહલીને મળીને રજુઆત કરીને આવેદન પત્ર આપશે. આ પ્રસંગે રાજયભરમાંથી હજ્જારો અધ્યાપક સહાયકો હાજર રહેશે. રાજયના સહાયક અધ્યાપક મંડળ દ્વારા છેલ્લા ઘણા સમયથી તમામ વિભાગોમાં ૧૮ માસથી રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ સહાયક અધ્યાપકોના હિતમાં કોઈ નિર્ણય હજુ સુધી આવ્યો નથી.



## બી.એસ.એફ.ની સાઇકલ યાત્રાનું નડાબેટ ખાતે ભવ્ય સમાપન

પાટનગર ગાંધીનગરથી નિકળેલી બી.એસ.એફ.ના આઇ.જી.શ્રી એ.કે.તોમર અને શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સુશ્રી સુનયના તોમરની ૩૬૨ કિલોમીટરની સાઇકલ યાત્રાનું બનાસકાંઠા જિલ્લાના સૂઇગામ તાલુકાના નડાબેટ ખાતે ભવ્ય સમાપન થયું હતું. બી.એસ.એફ.ની આ સાઇકલ યાત્રામાં ભાભરથી નડાબેટ સુધી આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી પણ જોડાયા હતા. સાઇલક યાત્રાનું ઠેર ઠેર લોકોએ ઢોલ-નગારા વગાડી, પુષ્પવર્ષા કરી ભવ્ય સ્વાગત કર્યુ હતુ. નડાબેટ બોર્ડરને નિહાળવા આવેલા મુખ્યમંત્રીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબહેન રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીના ધર્મપત્ની સાથે આવેલ મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી નિર્મલાબહેન વાઘવાણી, ઉચ્ચ અધિકારીઓ સર્વ અંજુ શર્મા અને જયંતિ રવીએ પણ સાઇકલ યાત્રાનું સ્વાગત કર્યું હતું. ભાભર મુકામે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજયમંત્રી કેશાજી ચૌહાણે પણ સાઇકલ યાત્રાનું સ્વાગત કર્યું હતું.





લોકાર્પણ સમારોહ : ગાંધીનગર જિલ્લાના પીડાયડા ખાતે પ્રાથમિક શાળાના બે ઓરડાના લોકાર્પણ સમારોહમાં જાણીતા કટાર લેખક અને પૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરીએ સંબોધન કર્યું હતું. જાણીતા ઉદ્યોગપતિ સ્વ. ભાનુભાઈ પટેલના પરિવારજનોના માતબર દાનને ગ્રામજનોએ અને શાળા પરિવારે બિરદાવી હતી. આ પ્રસંગે હેમાંગભાઈ પટેલ, રોહિતભાઈ શાહ, પંકજભાઈ પટેલ, ઈન્દ્રવદન શાહ, કૃષ્ણકાન્ત જહા, સરપંચશ્રી તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નલિયા સામૂહિક દુષ્કર્મ કાંડમાં ઉંડી તપાસનો દોર યથાવત

અમદાવાદ, તા. ૧૧

સમગ્ર રાજયને હચમચાવી મુકનાર નલિયા સામૂહિક દુષ્કર્મ કાંડમાં ઉંડી તપાસ ચાલી રહી હોવા છતાં હજુ પણ કેટલીક કડીઓ હાથ લાગી રહી નથી. કેટલાક એવા પ્રશ્નો છે જેનો જવાબ પોલીસને મળ્યો નથી. ખુટતી કડીઓ હાસલ કરવા માટેના પ્રયાસો પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ ચકચારી કેસના સંદર્ભમાં પોલીસ હજુ સુધી આઠની ધરપકડ કરી ચુકી છે અને વધુ એકની શોધખોળ ચાલી રહી છે. સાથે સાથે આ મામલામાં સંબંધિતોની પણ ઉંડી તપાસ ચાલી રહી છે. જુદા જુદા એંગલથી તપાસનો દોર ચલાવવામાં આવી રહ્યો છે. પોલીસ દ્વારા દુષ્કર્મ કાંડ મામલામાં હજુ સુધી ૧૦૦થી વધુ લોકોની તપાસ અને પુછપરછ કરવામાં આવી ચુકી છે. બહુચર્ચિત દુષ્કર્મ કાંડમાં પીડિતાએ પોતાની સાથે થયેલી વેદનાઓ એફિડેવીટમાં રજુ કરી છે. પીડિતાએ એફિડેવિટમાં કહ્યું હતું કે, શાંતિલાલ સોલંકી, વિનોદ ઠક્કર અને ચિરાગ ઠક્કરે તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. આરોપી શાંતિલાલે ૨૪થી વધુ વખત દુષ્કર્મ આચર્યુ છે. અતુલ ઠક્કર દુષ્કર્મકાંડથી રોજના લાખો રૂપિયા કમાતો હોવાનું જાણવા મળી ચુક્યું છે. યુવતીને જબરદસ્તી બે શખ્સો સાથે શારીરિક સંબંધ બાંધવા મજબુર કરાતી હતી. દિવાળી સમયે ફરિયાદ ઊઠી હતી પરંતુ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ન હતી. કચ્છ એસપીને પણ આ બાબતે જણાવાયુ હોવા છતાં તેઓએ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી ન હતી. દુષ્કર્મકાંડના પીડિત પરિવાર સાથે ગઈ કાલે મહિલા આયોગ દ્વારા મુલાકાત કરવામાં આવી હતી અને તેઓની રજુઆત સાંભળવામાં આવી હતી. નલિયા દુષ્કર્મ કાંડ મામલાથી ભાજપ સરકાર પણ હચમચી ઉઠી છે.

આ મામલામાં ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા કહી ચુક્યા છે કે, નલિયા દુષ્કર્મ ઘટના કલંકિત અને અત્યંત દુઃખદાયક છે જેને રાજય સરકારે અતિ સંવેદનશીલતાથી લીધી છે અને ત્વરિત પગલાને કારણે આરોપીઓની ધરપકડ પણ કરાઈ છે. ઘટનામાં સંડોવાયેલા કોઈપણ ચમરબંધીને રાજ્ય સરકાર છોડશે નહીં. ગૃહમંત્રીએ ઉમેર્યુ હતું કે જે દિવસે ઘટના નોંધાઈ ત્યારથી જ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૃહ વિભાગને સત્વરે પુરતી તકેદારીથી તપાસ કરવા સૂચનાઓ આપી હતી જેના પરિણામ સ્વરુપે પોલીસ વિભાગના સંનિષ્ઠ પ્રયાસના કારણે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે, અને તેઓના પૂરા ૧૪ દિવસના રિમાન્ડ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે જે પોલીસ વિભાગની કાર્યવાહીની ઉચ્ચ ગુણવત્તા બતાવે છે. આ ઘટના અંગે પીડીતાએ અરજી આપતાની સાથે જ તરત જ પોલીસ વિભાગે તપાસ કાર્યવાહી હાથ ધરી હતી અને ત્યારબાદ સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસજજ દ્વારા તેણીનું નિવેદન લેવાયું હતું. જેમાં ૯ નામોનો ઉલ્લેખ કરાયો હતો, તે પૈકી ઘણાની ધરપકડ કરાઈ છે, અને વધુ તપાસ ચાલી રહી છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ઘટનાની તટસ્થ તપાસ થાય તે માટે જિલ્લા ક્રાઈમ બ્રાંચ દ્વારા સ્પેશિયલ સીટની રચના કરી અને તેના દ્વારા ૨૦ જેટલા સ્થળોએ છાપા મારવામાં આવ્યા છે

# ૧૦ કરોડના ખર્ચે રસ્તાઓ ખુલ્લા કરવા ફુટપાથ દુર થશે

અમદાવાદ, તા.૧૨

એક તરફ નામદાર હાઈકોર્ટ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ફુટપાથોને રાહદારીઓ માટે ખુલ્લી કરવાનો આદેશ કરે છે.ત્યારે મ્યુનિસિપલ કોપોરેશન શહેરના રસ્તાઓ ખુલ્લા કરવા રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ કરશે.આ માટે તાજેતરમાં સ્ટેન્ડીંગ કમિટીમાં મંજુર કરવામાં આવેલા બજેટમાં આ અંગે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન વધતા જતા વાહનો,સાંકડા બનેલા રસ્તાઓના કારણે અકસ્માતના પ્રમાણમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.આ પરિસ્થિતિમાં નામદાર હાઈકોર્ટ દ્વારા થોડા સમય અગાઉ આપેલા એક મહત્વપૂર્ણ ચુકાદામાં અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનરને શહેરના તમામ વિસ્તારમાં આવેલી ફુટપાથોને દબાણમુકત કરીને રાહદારીઓ એના ઉપર ચાલી સરળતાથી રસ્તો પસાર કરી શકે એ માટે મુકત કરવા આદેશ આપ્યો છે.આ બાબત સારી રીતે જાણવા છતાં તાજેતરમાં મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં સત્તાધારી પક્ષ દ્વારા જે વર્ષ-૨૦૧૭-૧૮નું અંદાજપત્ર મંજુર કરવામાં આવ્યું.

# જૂનાગઢમાં બળાત્કારના કેસથી ભારે સનસનાટી

અમદાવાદ, તા.૧૨

નલિયા દુષ્કર્મ કાંડના મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે ત્યારે હવે જુનાગઢમાં પણ રેપ કેસના કારણે ખળભળાટ મચી ગયો છે. મળેલી માહિતી મુજબ દોલતપરામાં રહેતી અને ધોરણ ૭માં અભ્યાસ કરતી છાત્રા સવારે સ્કુલે જવા નિકળી હતી. ત્યારે એજ વિસ્તારમાં રહેતો અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતો છાત્ર બાઈક લઈને આવ્યો હતો અને છાત્રાને જાનથી મારી નાખવાની ધમકી આપી બાઈક ઉપર બેસાડી દીધી હતી અને તેની સ્કુલેથી બસ સ્ટેશન પાસે આવેલા સુનીલ ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં છાત્રાની મરજી વિરુદ્ધ જાતીય હુમલો કર્યો હતો અને તેની ઈચ્છા વિરુદ્ધ શારિરીક સંબંધ બાંધ્યો હતો. આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં સગીરાએ ફરીયાદ નોંધાવી છે. આ બનાવની તપાસ સીપીઆઈ આરપી ગૌતમ ચલાવી રહ્યા છે. નલિયાની ઘટનાનો ન્યાયરૂપી ઉકેલ આવ્યો હતો ત્યાં જુનાગઢમાં ફરીવાર વિદ્યાર્થીનીને વિકૃતિનો ભોગ બનાવવામાં આવી છે. જુનાગઢ પોલીસે આ કેસની તપાસ માટે પોતાની ટીમ બનાવી તપાસ શરૂ કરી છે. તમામ નાના મોટા ગેસ્ટ હાઉસ પર નજર રાખવામાં આવી રહી છે.



મણીનગર ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂર્વ કેન્દ્રિય મંત્રી મુરલી મનોહર જોષી, આરએસએસ સહ સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલે, પ્રજ્ઞામુવાહના સંયોજક ડૉક્ટર સદાનંદ સપ્રે તથા સહ સંયોજક રાજેન્દ્ર ચઢ્ઢાએ મુલાકાત લીધી હતી. તેમણે આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી સાથે સત્સંગ કરી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનની આધ્યાત્મિક ઉપરાંત સામાજિક તથા રચનાત્મક પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રસંગે ભારતભરમાંથી આરએસએસના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કાયદા અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

જયારે ગેરકાયદેસર નિકાલ કે આયાતના ગુન્હામાં હેરાફેરીમાં વિનિયમો, હુંડીયામણ વિગેરે નિયમ હેઠળ જોગવાઈ મુજબ તેવી વસ્તુઓનો નાશ કરવામાં આવશે લાયસન્સ કે પરમીટ સીવાય આવી વસ્તુઓનું હેરાફેરી કરવું એ સજાપાત્ર ગુન્હો છે. આવી વસ્તુઓ પકડાતા અદાલતી હુકમ મુજબ તેનો નાશ કરવામાં આવે છે. દારૂ ગાળવાના વાસણો, દાગીના અથવા ઢાંકળ, પીપડા વિગેરે લઈ જવા માટે વપરાતા સાધનો પશુ અગર વહાણો તેમજ અન્ય જીવીત કે માનવ સર્જીત સાધનો ટ્રાન્સપોટેશનમાં વપરાતા સાધનોને જપ્ત કરવામાં આવશે. જો ચોરીના સાધનોમાં આવી હેરાફેરી કરવામાં આવતી હોય તો માલીકની ખરાઈ કરી કાયદાકીય રીતે નિયમો મુજબ ચોક્કસ શરતો આધીન આવા સાધન વાહનો મુળ માલીકોને પરત સોંપવામાં આવે છે.

કલમ ૧૦૧ મુજબ જપ્ત કરેલ સાધનો, વસ્તુઓ જો કુદરતી રીતે બગડ જાય તેમ હોય તો નિયામક અગર તો જીલ્લા કલેકટરશ્રી અગર તો કોર્ટની પરવાનગીથી વેચાણ કરવો અગર નાશ કરવાનો રહેશે. આવા સાધનો વેચાણ અર્થે મુકતા નિયમો મુજબ ઉપજની રકમ કલમ ૯૯ અથવા ૧૦૦ ની જોગવાઈ મુજબ સરકારમાં ભરવામાં આવશે.

મુદ્દામાલ કુદરતી રીતે બગડી જાય તેમ હોય અગર તો દારૂ બનાવવાનો કાચો માલ ગોળ, એશ વિગેરે ગંધાય તેમજ જાહેર જનજીવનનું આરોગ્ય બગડે તેમ હોય તો આવો મુદ્દામાલ અધિકારી કે કોર્ટની પરવાનગીથી તાત્કાલીક નાશ કરવામાં આવે છે.

કલમ ૧૨૦(૨) મુજબ કાર્યવાહી કરતા કોઈ અધિકારી ઉપર હુકમો કરવાના ગુન્હામાં ૫ વર્ષ સુધીની સજા અને ૫ લાખના દંડની જોગવાઈ છે.

કેફી પદાર્થના ઉપયોગની જાહેર ખબર કે પત્રીકા દ્વારા પ્રકાશન કરવામાં આવે તો આવા વર્તમાન પત્રોને પ્રતિબંધ મુકવામાં આવે છે. દારૂ, ભાંગ, ગાંજા કે કેફી પદાર્થના ઉપયોગની જાહેર ખબર કે અન્ય પ્રસિધ્ધ કરવામાં આવે તો આવા પ્રકાશનો કલમ ૧૦૨ મુજબ ખાલસા કરવાની જોગવાઈ છે તથા આવા પ્રકાશનોનો મુદ્દા માલ જપ્ત કરી તેનો નાશ કરવામાં આવશે તેની પ્રસિધ્ધીને અટકાવવામાં આવશે આ માટે પુસ્તક પ્રકાશન કે ચોપાનીયા રાખતા હોય છપાતા હોય સંગ્રહ કરતા હોય તેવા મકાનમાં છાપો મારવા ઝડતી લેવી સર્ચ વોરંટ કાઢી રેડ પાડી મુદ્દા માલ જપ્ત કરી શકાશે તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૯૮ મુજબ ઝડતી વોરન્ટની બજવણી પણ કરાવી શકાય છે. આ કલમ મુજબ રાજય સરકારની જાહેરાત આખરી ગણાશે અને તેને કોઈપણ દિવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાશે નહિ.

ગુજરાતને નશા મુક્ત બનાવવા માટે ગુજરાત સરકારે નવા અધિનિયમ મુજબ કાર્યવાહી કરી દારૂ પીતા વ્યક્તિને પકડવા રેડ પાડી સખ્ત સજા ફરમાવવાની પૂરતી જોગવાઈ કરેલ છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

જોકે, સંઘનો એજન્ડા એટલે કયો એજન્ડા એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. રામમંદિર બાંધવાનો, સમાન નાગરી ધારાના અમલનો કે પછી વિકાસના સ્તરને ઊંચે લાવવા માટેનો ચૂંટણીઢંઢેરો તો ભાજપ બહાર પાડે જ છે. હવે દીનદયાળને અભિપ્રેત એજન્ડા હાથ ધરી શકાશે કે કેમ એ આવતા વર્ષમાં ચર્ચાનું કેન્દ્ર બનશે. દીનદયાળનું ફોકસ એકાત્મ માનવવાદ અને અખંડ ભારત છે. એને જનસામાન્ય સુધી પહોંચાડવાની જાગૃતિ લવાશે.

અખંડ ભારતના સમર્થકોમાં સંઘ પરિવાર ઉપરાંત ક. મા. મુનશીથી લઈને મહાત્મા ગાંધી સુધીનાને મૂકવા પડે. સરદાર પટેલ તો મુનશીને ''અખંડ ભારતવાદી'' લેખાવતા હતા, કારણ એ પણ અખંડ ભારત માટે ઝુંબેશ ચલાવતા હતા. સરદાર પટેલ અને નહેરુએ બ્રિટિશ ઈન્ડિયાના વિભાજનની દરખાસ્તને સૌ પ્રથમ સ્વીકારી હતી. ગાંધીજીએ તો નાછૂટકે આ બે નેતાઓએ આપેલા વચનને ખાતર એને મંજૂર કરવા કૉંગ્રેસ મહાસમિતિને અનુરોધ કર્યો હતો. અન્યથા મોહમ્મદ અલી ઝીણાને વડા પ્રધાન બનાવીને પણ ગાંધીજી વિભાજન ટાળવાના પક્ષે હતા. આ વાસ્તવિક્તા છે, છતાં આજકાલ ઈતિહાસમાં અનેકાંતવાદનાં સવિશેષ દર્શન થાય છે. સૌ પોતપોતાને અનુકૂળ ઈતિહાસ લખવા, વાંચવા, કહેવાની મોકળાશ ધરાવે છે.

આવા સંજોગોમાં પંડિત દીનદયાળની 'અખંડ ભારત'ની કલ્પનાને અધિકૃતપણે મૂકી શકે એવા ડૉ. મહેશચંદ્ર શર્માને અમે પૂછ્યું અને એમનો ઉત્તર રસપ્રદ હતોઃ 'અખંડ ભારતમાં આસ્થાનું નિર્માણ કરીએ. દીનદયાળજી અને ડૉ. લોહિયાએ ત્રણ મુદ્દા આગળ ધર્યા હતા. ૧.ભારત-પાક મહાસંઘની રચના કરીએ. (આજે સાર્ક-દક્ષિણ એશિયાઈ દેશોનું સંગઠન કાર્યરત છે). ૨. લશ્કરવિહોણી સરહદોનું નિર્માણ કરીએ. (ગાંધીજીના એ આદર્શને ઉટોપિયા ગણનારાઓમાં સરદાર પટેલ પણ હતા). ૩. ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશમાં અખંડ ભારતમાં આસ્થામાં નિષ્ઠા-વિચારને દ્રઢ બનાવાય. ૧૯૭૧માં બાંગલાદેશ બન્યું એ પૂર્વે એ પૂર્વ પાકિસ્તાન હતું.

આવતા વર્ષમાં પંડિત દીનદયાળની શતાબ્દી ઊજવણીની સાથે સાથે એમના અખંડ ભારતના સ્વપ્નને પણ જનસામાન્યની સ્વીકૃતિ સુધી ચર્ચામાં લવાય એ જરૂરી છે. પૂર્વ અને પશ્ચિમ જર્મની તેમજ ઉત્તર અને દક્ષિણ યમનના એકીકરણના ઘટનાક્રમ અને ઉત્તર-દક્ષિણ કોરિયાના ઈલુ-ઈલુની ચર્ચા પણ થશે. ફરી અખંડ ભારત અસ્તિત્વમાં આવે તો મહર્ષિ અરવિંદનો આત્મા ય આશીર્વાદ આપશે.

- haridesai@gmail.com

## કાર્યકરોની અટકાયત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાફલો સવારથી અક્ષરધામ, સર્કીટહાઉસ અને મંત્રી નિવાસ આસપાસ ખડકી દેવાયો હતો. મહિલા પોલીસનો વિશેષ કાફલો તૈનાત રાખવામાં આવ્યો હતો. એક તરફ આમ આદમી પાર્ટીની મહિલા કાર્યકરો ગાંધીનગરના ભુલભુલામણી સમા રસ્તાઓમાં અટવાઈ ગયા હતા. તો બીજી તરફ પોલીસ કાર્યકરોને ઓળખવા કેવી રીતે ? તે બાબતે અટવાઈ ગઈ હતી. જ્યાં આપ કાર્યકર જેવા સંકેત કે માહિતી મળે ત્યાં પહોંચી જઈને પોલીસે અટકાયત કરવાનું શરૂ કરી દીધુ હતુ. સવારથી બંદોબસ્તમાં લાગી ગયેલી પોલીસને ચાર કલાક સુધી મહિલા કાર્યકરોએ શહેરમાં દોડાવી હતી. છેલ્લે વંદનાબેન પટેલ ગાંધીનગરમાં પ્રવેશ્યા ત્યારે ચ-૦ સર્કલથી જ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. ૧૮ યુવા કાર્યકરો ઉપરાંત આમ આદમી પાર્ટીની મહિલા કાર્યકરો મળીને આજે ૧૦૦થી વધુ કાર્યકરોને પોલીસે નલિયા સેક્સકાંડનો વિરોધ કરતા રોકીને અટકાયત કરી એસપી ઓફીસ લઈ ગયા હતા. સમી સાંજે તમામને મુક્ત કરવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના વંદનાબેન પટેલે મુખ્યમંત્રીને સંબોધીને કહ્યુ હતુ કે પિડિત મહિલાઓ માટે અવાજ ઉઠાવનાર લોકોની ધરપકડ કરવાને બદલે નલિયા સેક્સ રેકેટના સાચા આરોપીઓની ધરપકડ કરી આવા ગંભીર મુદ્દાઓ પર રાજકારણ રમવાનુ બંધ કરો. આગામી દિવસોમાં આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતભરમાં આ મુદ્દે ઉગ્ર આંદોલન ચલાવવામાં આવશે.

## ફરી ભૂકંપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી-એનસીઆર અને ઉત્તરાખંડમાં છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. સવારે ૧૦-૩૦ વાગ્યાની આસપાસ આ આંચકો આવ્યો હતો. આંચકાની અસર ૩૦ સેકન્ડ સુધી રહી હતી. ભૂકંપનુ કેન્દ્ર ઉત્તરાખંડમાં રુદ્રપ્રયોગ જિલ્લામાં હોવાનુ જાણવા મળ્યુ હતું. ઉત્તરાખંડ હિમાલિયન પટ્ટામાં આવે છે. જ્યાં સામાન્ય રીતે સેસમિક પ્રવૃતિ જોવા મળી રહી છે. સવારમાં પંજાબ, હરિયાણા, રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, ચંદીગઢ અને અન્ય વિસ્તારોમાં પણ આંચકો આવ્યો હતો. આંચકો આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. સાથે સાથે પરિસ્થિતી અંગે માહિતી મેળવી હતી.

## સાંસદો જોડાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પનીરસેલ્વમ છાવણીની સાથે આવેલા સાંસદો શશીકલા ઉપર પ્રહારો કરી રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, શશીકલાની હાલત હવે કફોડી બની રહી છે. મોટાભાગના રાજકીય પંડિતો પણ માની રહ્યા છે કે, શશીકલા જનાધાર ધરાવતા નેતા નથી. શશીકલા જો મુખ્યમંત્રી બનશે તો તમિળનાડુમાં જયલલિતાના ગઢને મોટુ નુકસાન થશે. ગઢમાં પહેલાથી જ તિરાડો સ્પષ્ટપણે દેખાઈ રહી છે ત્યારે આગામી વિધાનસભાની ચૂંટણીમાં અન્નાદ્રમુક પાર્ટીને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડશે. અસ્તિત્વની લડાઈ લડવી પડશે. જો શશીકલાને મુખ્યમંત્રી બનાવવામાં આવશે તો પાર્ટીની જીત તો દૂર રહી પરંતુ શશીકલા પોતે પણ તેમની સીટ બચાવી શકશે નહીં તેવી વાત કરવામાં આવી રહી છે. પનીરસેલ્વમ છાવણીમાં આવેલા નામાક્કલમાંથી સાંસદ પીઆર સુંદરમ અને કૃષ્ણાગીરીના સાંસદ અશોકકુમારે લોકસભાના નાયબ અધ્યક્ષ થાંબી દુરાઈ ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, થાંબી દુરાઈને બાદ કરતા અન્નાદ્રમુકના તમામ લોકસભા સાંસદ પનીરસેલ્વમની તરફેણ કરશે. લોકસભા અને રાજયસભામાં મળીને પાર્ટીના ૫૦ સાંસદ છે જે પૈકી મોટાભાગના સભ્યો પનીરસેલ્વમની સાથે જશે.

## પ્રચારનો અંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીઓને જીત અપાવવા માટે સ્ટાર પ્રચારકો મેદાનમાં છે. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી પણ એક પછી એક રેલીઓ યોજી રહ્યા છે. મોદી અને અમિત શાહ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીની ટિકા કરી રહ્યા છે જ્યારે રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ મોદી ઉપર પ્રહાર કરી રહ્યા છે. નોટબંધીને લઈને રાહુલ અને અખિલેશે મોદી ઉપર પ્રહાર કર્યા છે અને કહ્યું છે કે, મોદીના નોટબંધીના નિર્ણયના લીધે ગ્રામિણ વિસ્તારોમાં રહેતા લોકોને ભારે મુશ્કેલી નડી છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં કૃષિના મહત્વને ધ્યાનમાં લઈને વડાપ્રધાન મોદીએ ગરીબ અને ખેડૂતલક્ષી નીતિ અપનાવી છે અને નાના અને મધ્યમ ખેડૂતોની લોન માફી યોજનાની વાત કરી છે. સત્તા ઉપર આવવાની સ્થિતિમાં ૧૪ દિવસના ગાળામાં જ શેરડીના ખેડૂતોના દેવાને ચુકવી દેવાની પણ વાત કરી છે. બીજા તબક્કામાં પણ આક્રમક પ્રચારનો દોર આવતીકાલે જારી રહેશે. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં શાંતિપૂર્ણરીતે ૬૩ ટકાથી વધુ મતદાન થયું હતું.